જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૧/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૬/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૯૨૧૧	૧૬૬	૭૯૩૭૭	૮૦૨૬૧	૧૬૨	૮૦૪૨૩
કુલ		૯૫૮૦૯	૧૬૬	૯૫૯૭૫	૧૦૪૭૯૦	૧૬૨	૧૦૪૯૫૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૦	૪,૮૪,૧૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૩૦	૭,૩૦,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૭૭ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૧૯/૨૦૨૨**

શહેરકોટડાઃ શ્રવણભાઇ ગોરધનરામજી સોલંકી (રહે. તપોવન કોલોની વિભાગ-૧ મંછાની મસ્જીદ પાસે અનીલ સ્ટાર્ચ રોડ) એ તા.૧૮/૦૧/૨૦૨૨ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સરસપુર પુષ્પરાજ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે પહેલા માળે બી/૧૨૮-૧૨૯ તીરુપતી જોબવર્ક નામની દુકાન ખાતેથી ધી કાંટા એમ.જી.માર્કેટ ખાતે કીરણ એપ્રલ્સ દુકાનના માલીક અમીષ પ્યારેલાલ અગ્રવાલ તથા પ્યારેલાલ સીડમલ અગ્રવાલ (બન્ને રહે. અવની રો હાઉસ સેટેલાઇટ) એ કુલ નંગ-૩૬૦૪ પેન્ટની સિલાઇના રૂપિયા ૨,૫૨,૨૮૦/- તથા જી.એસ.ટી.ના રૂપિયા ૧૨,૬૧૪/- મળી કુલ રૂપિયા ૨,૬૪,૮૯૪/- પેન્ટની સિલાઇના રૂપિયા નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ટી.બ્રહ્મભટ્ટ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૨૦/૨૦૨૨**

ઓઢવઃ શ્યામસિંગ ભવરસિંગ રાજપુત (રહે. આશારામપાર્ક આદીનાથનગર ઓઢવ) એ તા.૧૮/૦૧/૨૦૨૨ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૧/૨૦૨૨ બપોરના ૨/૦૦ થી તા.૧૮/૦૧/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ આદીનાથનગર સુરજબાગ સોસાયટી ખાતે રહેતા સંબંધીના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં અંદર પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.પાંડર ચલાવે છે.

વસ્ત્રાપુરઃ જલકબહેન વા/ઓ ગુંજનભાઇ મોદી (રહે. સનસેટ બંગ્લો કેમ્બે બ્રાન્ડ હોટલ પાછળ થલતેજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૧/૨૦૨૨ કલાક ૯/૦૦ થી તા.૧૮/૦૧/૨૦૨૨ સવારના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર બાલાજી કોમ્પ્લેક્ષ દુકાન નંબર-૨/૩ ખાતે આવેલ મોદી મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લિનીકના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ કલીનીકમાં પ્રવેશ કરી એલઈડી ટીવી, નિકોન કંપનીનો કેમેરો, હાર્ડ ડિસ્ક, ચાંદીનો સિક્કો તથા ચાંદીની મુર્તી અને રોકડ રૂપિયા ૮૪,૬૦૦/- મળી કુલ રૂપિયા ૯૭,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એસ.રાજપુત ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૨૧/૨૦૨૨</u>**

કૃષ્ણનગરઃ રિતેશ અરવિંદભાઈ મોદી (ઉ.વ.૪૦) (રહે. પંચવટીપાર્ક સોસાયટી અંકુર સોસાયટી પાસે કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૧/૨૦૨૨ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગુલાબસિંહ દાનસિંહ ચલાવે છે.

રામોલઃ શોભનાબહેન વા/ઓ અજયભાઈ પટણી (ઉ.વ.૩૧) (રહે. શિવમ આવાસ યોજના માધવ ફાર્મની બાજુમાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૧/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.